હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



અમારા પ્લાનર દરેક પુરૂષની ભાવના અને વેદના પરિચિત છે... અમે અમારી કોઇ પણ સ્કીમમાં માળીયાનુ પ્રોવિઝન રાખતા નથી...!!!

શહેરી વિસ્તારમાં રખડતી ગાયોનો મુદ્દો દિવસે દિવસે વધુ ચગી રહ્યો છે. ઢોર નિયંત્રણ વિધેયક પરત ખેંચવાની તૈયારી સરકારે કરી લીધી છે. આ જોતા આગામી દિવસોમાં પણ આ સમસ્યાથી મુક્તિ મળે તેવુ લાગતુ નથી. મનપા દ્વારા રખડતી ગાયોને પકડવામાં આવે છે પરંતુ માલધારીઓ તેને છોડાવી જાય છે. રખડતી ગાયોની સમસ્યાની સાથે જ હાલમાં લમ્પી વાયરસનો કેર ફેલાયો છે. શહેરમાં રખડતી કેટલીક ગાયોમાં તેના લક્ષણ જોવા મળતા તે વસાહતીઓ માટે મુશ્કેલીરૂપ બની શકે છે.

સે. ૧૬ રંગમંચ ખાતે વિશેષ ગરબા-૨૦૨૨નું આયોજન

ગાંધીનગર, તા. ૨૦

સેક્ટર-૧૬ ખાતે વિશેષ ગરબા-૨૦૨૨નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જે ૨૭ સપ્ટેમ્બરના રોજ સાંજે ૬ થી ૧૦ કલાકે રંગમંચ ખાતે યોજાશે. આ વિશેષ ગરબા જે.ડી. પટેલ પ્રગતિ ફાઉન્ડેશન તથા સાધના પેરેન્ટસ એસોસીએશન ફોર મેન્ટલી ચેલેન્જડ પર્સન્સ દ્વારા આયોજીત કરવામાં આવ્યા છે. જેમાં મુખ્ય મહેમાન તરીકે હિતેશભાઈ મકવાણા (મેયર, ગાંધીનગર મનપા), કૃષ્ણકાન્ત જહા (ચીફ એડિટર, ગાંધીનગર સમાચાર), સોમાભાઈ મોદી (પ્રમુખ, સર્વોદય સેવા ટ્રસ્ટ), વસંતભાઈ રાવલ (નિયામક સરદાર સરોવર નર્મદા નિગમ લી.) ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર જિલ્લાની પાલજ ગામ પ્રાથમિક શાળામાં ગુજરાત સંગીત નાટક અકાદમીના આર્થિક સહયોગથી 'દૃષ્ટિહિન સપના' નાટક શાળાના આચાર્ય હિતેશભાઈ પટેલ, શાળાના સ્ટાફ તેમજ પાલજ યુવા ગ્રૂપની ઉપસ્થિતિમાં રજૂ કરાયું હતું.

સેવા પખવાડિયા અંતર્ગત શહેર ભાજપ દ્વારા હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ યોજાયો

મહાનગરના ૧૧ વોર્ડમાં ૧૩ સ્થાનોએ ૨૨૦૦થી વધુ દીકરીઓનું હિમોગ્લોબીન લેવલ ચકાસવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૧

મહાનગર ભાજપના મેડિકલ સેલ અને મહિલા મોરચા દ્વારા સેવા પખવાડિયા અંતર્ગત હિમોગ્લોબીન ચેકઅપ કેમ્પ યોજાયો હતો. મહાનગરના ૧૧ વોર્ડમાં કુલ ૧૩ સ્થાનોએ આયોજિત કેમ્પમાં ૨૨૦૦થી વધુ દીકરીઓનું હિમોગ્લોબીન લેવલ ચકાસવામાં આવ્યું હતું. હિમોગ્લોબીનની ઉણપ જણાતી દીકરીઓને ૩ મહિના માટેની આયર્ન ટેબ્લેટ વિતરિત કરવામાં આવી હતી.

સરકારી વિજ્ઞાન કોલેજ માં પર્યાવરણ અને જૈવ વિવિધતાને અનુલક્ષી ને સ્લોગન સ્પર્ધા યોજાઇ

અત્રેની સરકારી વિજ્ઞાન કોલેજ માં ગુજરાત સરકારના ક્લાઈમેન્ટ ચેન્જ વિભાગના સ્થાપના દિન નિમિત્તે **Climate Change Youth Outreach Programme** અંતર્ગત સ્લોગન સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સંસ્થાના લગભગ ૯૦ વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ, જૈવ વિવિધતા, ફોરેસ્ટ, વેસ્ટ મેનેજમેન્ટ અને ક્લાઈમેન્ટ ચેન્જ વિષય અનુરૂપ સુંદર સ્લોગન તૈયાર કરવામાં આવ્યા હતા . જેમાં પ્રથમ વ્યાસ રીયા મોહિતકુમાર, દ્વિતીય વિપુલ કુમાર પસાયા અને તૃતીય ક્રમાંકે પટેલ દિયા રમેશભાઈ વિજેતા જાહેર કરવામાં આવેલ છે. આ વિજેતા વિદ્યાર્થીઓને ક્લાઈમેન્ટ ચેન્જ વિભાગ હસ્તકની ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી ડૉ એમ.જી. ભટ્ટ સરના માર્ગદર્શનથી ડૉ. એસ. કે. પટેલ (અધ્યક્ષ, વનસ્પતિશાસ્ત્ર વિભાગ), ઈકો ક્લબ અને તેમની ટીમે કર્યુ હતુ.

એલઆરડી મહિલા ઉમેદવારો માથે મુંડન કરાવે તે પહેલા અટકાયત

૨૦ ટકા વેઈટીંગ લીસ્ટ જાહેર કરવામાં ન આવતા ઉમેદવારોનો વિરોધ યથાવત

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી સતત આંદોલન ચાલી રહ્યા હતા. આંદોલનકારીઓથી છાવણી ઉભરાતી હતી. ત્યારે હવે માજી સૈનિક અને એસટી કર્મચારીઓના પડતર પ્રશ્નોનું નિરાકરણ આવ્યું છે. ત્યારે પાટનગરમાં પખવાડીયાથી એલઆરડી ભરતી પ્રક્રિયામાં ૨૦ ટકા વેઈટીંગ લીસ્ટ જાહેર ન થતા મહિલા-પુરુષ ઉમેદવારો મેદાને છે. આજે એલઆરડી મહિલા આંદોલનકારી બહેનો માથે મુંડન કરાવી સરકાર સામે વિરોધ પ્રદર્શિત કરવાની હતી. પરંતુ મહિલાઓ મુંડન કરાવે તે પહેલા તેમની પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. સચિવાલયના ગેટ નં-૧ ખાતે એલઆરડી આંદોલનકારીઓ સાથે પોલીસને ઘર્ષણ થયું હતું. જયારે એલઆરડી ભાઈ-બહેનો ઉમેદવારો આગામી દિવસોમાં પણ મક્કમતાપૂર્વક પોતાની લડત યથાવત રાખશે.

મળતી વિગત મુજબ વર્ષ ૨૦૧૮-૧૯ ની ભરતી પ્રક્રિયા કરવામાં આવી હતી. ત્યારબાદ એલઆરડી મુદ્દે ઉમેદવારો ભાઈ-બહેનોએ ગાંધીનગરમાં આંદોલનના મંડાણ કર્યા હતા. જેમાં યુવકોના આંદોલનમાં ગૃહમંત્રીએ પારણા કરાવી ગત ૧૬ જુલાઈ ૨૦૨૨ ના રોજ ગૃહમંત્રીએ જાહેરાત કરી હતી કે ૨૦ ટકા મહિલા-પુરૂષ ઉમેદવારો સાથે ૨૪૩૯ જગ્યા ખાલી પડી છે, જેમાં નોકરી લેવાની બાંયધરી આપી હતી. તેમ છતા આજદિન સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. માત્ર ૧૦૧ મહિલા અને ૧૧૮ પુરૂષની ઓફલાઈન નિમણુંક કરી બાકીના ઉમેદવારોનું ભવિષ્ય ધુંધળુ થઈ ગયું છે. વેઈટીંગ લીસ્ટ જાહેર કરવાની માંગ સાથે મહિલાઓ આંદોલન કરી રહી છે. ત્યારે એલઆરડી મહિલા ઉમેદવારોએ સામુહિક મુંડન કરાવવાની ચિમકી ઉચ્ચારી હતી. તેમ છતા સરકાર દ્વારા વેઈટીંગ લીસ્ટ જાહેર કરવામાં નહી આવતા મહિલાઓ મુંડન કરાવવા માટેની તૈયારી સાથે આવી પહોંચી હતી. આ સમયે મહિલાઓએ આક્રોશપૂર્ણ જણાવ્યું હતું કે જો અમને નોકરી આપવી ન હતી તો ૧૧૧૨ મહિલા અને ૧૩૨૭ પુરૂષની ભાવનાઓ સાથે શા માટે રમત રમવામાં આવી હતી. સરકાર હજુ પણ એલઆરડી મુદ્દે ચુપકીદી સાધી ને બેઠી છે.ત્યારે મુંડન કરાવવા એકઠી થયેલા મહિલા ઉમેદવારોની પોલીસે અટકાયત કરી હતી.

રૂપાલ પાસેથી અકસ્માતગ્રસ્ત બાઈક પણ કોઈ ઉઠાવી ગયું

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં વાહનચોરી અટકવાનું નામ લેતી નથી. શહેરમાંથી આંતરે દિવસે ઘર કે કોમર્શીયલ વિસ્તારમાંથી વાહન ચોરી થાય છે. ત્યારે રૂપાલ-સરઢવ માર્ગ પર અકસ્માતમાં યુવકે જીવ ગુમાવ્યો હતો. પરંતુ આ અકસ્માત સ્થળે થી કળયુગના ચોર શખ્સો અકસ્માતગ્રસ્ત બાઈક પણ ચોરી કરીને લઈ ગયા હતા. બાઈક ચોરી અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના સરઢવ-રૂપાલ માર્ગ પર દસ દિવસ અગાઉ માર્ગ અકસ્માતમાં એક યુવકનું મૃત્યુ નિપજયુ હતું. ત્યારે અકસ્માત સ્થળે પડી રહેલુ બાઈક પર ચોર શખ્સો ચોરી કરીને લઈ જતા તમામ હદ વટાવી દીધી છે. સેકટર-૨૪ ઈન્દીરાનગર ખાતે રહેતો જયેશ માધાભાઈ સોલંકી સરઢવ ગેસ સ્ટેશન પર નોકરી કરતો હતો. બપોરના બે વાગ્યા થી રાત્રીના ૯ વાગ્યા સુધી સેકટર-૨૪ ગેસ સ્ટેશન પર અને રાત્રીના ૧૧ થી સવાર સુધી સરઢવ ગેસ સ્ટેશન પર કામ કરતો હતો.ગત તા.૧૧ ના રોજ નોકરી પર જવા માટે બાઈક લઈ નીકળ્યો હતો તે સમયે રૂપાલ થી સરઢવ તરફ જવાના માર્ગ પર સાથીયા પાર્ટી પ્લોટ પાસે અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતા માર્ગ પર પટકાતા યુવકનું મૃત્યુ નિપજયું હતું. ત્યારે યુવકની અંતિમક્રિયા પુરી કરી દીધા પછી તેના પિતા ઘટના સ્થળે જઈને જોતા બાઈક પડ્યું હતું. પરંતુ ૧૩ મી સપ્ટેમ્બરના રોજ મૃતકના પિતરાઈ ભાઈ ધવલ ફરી પાછો તે સ્થળે જતા બાઈક ચોરી થયાનું માલુમ પડ્યું હતું. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

વોર્ડ નં. ૮ હેઠળ આવતી અંબાપુર પ્રાથમિક શાળાની બાળાઓને હીમોગ્લોબીનની ગોળીઓનું વિતરણ કરાયુ હતુ. લોહી ઓછુ હોય તેવી બાળાઓને આરોગ્ય વિભાગના સહયોગથી હિમોગ્લોબીનની ગોળીઓનું વિતરણ કરાય છે.

આજે ગૃહમાં રૂપાણી-નીતિનભાઇના વખાણ થયાં

ગાંધીનગર, તા.૨૧

ગુજરાત વિધાનસભાના છેલ્લા ટૂંકા બજેટ સત્રમાં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની ખાસ નોંધ લેવામાં આવી હતી. વિધાનસભા ગૃહની કાર્યવાહી દરમિયાન જીતુભાઈ વાઘાણીએ પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને અભિનંદન આપતા જાહેરાત કરી હતી કે તેમની તબિયત ખરાબ હોવા છતાંય તેમણે આજે વિધાનસભા ગૃહમાં હાજરી આપી છે, એટલું જ નહીં પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પણ સત્રમાં હાજર રહી અમારા જેવા જુનિયરોમાં ઉત્સાહ પૂરો પાડ્યો હોવાનો ઉલ્લેખ કરતા વિધાનસભા ગૃહમાં ભારતીય જનતા પાર્ટીના ધારાસભ્ય જીતુભાઈ વાઘાણીના નિવેદનને પાટલી થપથપાવીને વધાવી લીધો હતો.

ગ્રામજીવન પદયાત્રાના બીજા દિવસે નાંદોલ અને બહિયલમાં ભવ્ય કાર્યક્રમ

ગાંધીનગર,તા.૨૧

ઉચ્ચ શિક્ષણની કચેરી – રાષ્ટ્રીય સેવા યોજના સેલ, ગાંધીનગર અને શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા દ્વારા આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત માનનીય રાજ્યપાલશ્રીના આઝાદીના અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ વિષય પર દહેગામ તાલુકાના ૭૫ ગામોમાં ગ્રામ જીવન પદયાત્રાનું આયોજન અંતર્ગત બીજા દિવસે નાદોલ અને બહિયલમાં ભવ્ય કાર્યક્રમો કરવામાં આવ્યા છે જેમાં મોટી રેલી અને સાંસ્કુતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ટુકડીના અધ્યાપકશ્રી અને સંસ્થાના ડીનશ્રી ડૉ. જગદીશચન્દ્ર સાવલિયા- અને સિનિયર પ્રાધ્યાપક ડો. પ્રભુલાલ કાસુંદ્રાએ સ્વયં સેવક જોડે સરસ કામગીરી કરાવી હતી જેમાં પ્રાથમિક શાળાના આચાર્યશ્રી રજિયાબાનુ અન્સારી અને શ્રી રમેશભાઈ નિનામાની મુખ્ય ભૂમિકા રહેલી હતી ગામના લોકોને પ્રકૃતિક ખેતી વિષય પણ જરૂરી માહિતી આપવામાં આવી હતી જેમાં ત્રણ વર્ષ સુધી જૈવિક ખેતી કર્યા પછી કેવી રીતે ખેતીમાં નફો પ્રાપ્ત કરી શકાય છે તે વિષે વિસ્તૃતમાં અને સરસ અને પ્રેરણાદાયી દાખલા સાથે સમજાવવામાં આવ્યું હતું પ્રાથમિક શાળાના વિધાર્થીઓ સાથે પાંચ પ્રકલ્પના માનનીય રાજ્યપાલશ્રીના આહ્વાન પર યુવાનોને લગતા વિષયો જેવાકે કોરોના મહામારીના બુસ્ટર ડોજ, પ્રાકૃતિક ખેતી, ફિટ ઈન્ડિયા મુવમેંટ, પર્યાવરણ, કુરિવાજો નાબૂદ, સ્વચ્છતા પર સરસ નારો સાથે વિરાટ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું વિધાર્થી ભાઈ અને બહનો રાત્રિમાં જાહેર સ્થળપર શેરી નાટકોનું આયોજન કરી જન જાગૃત્તિ કરવામાં આવી હતી આ સંપૂર્ણ કાર્યક્રમમાં માર્ગદર્શન અને પ્રેરણાની ભૂમિકા સંસ્થાના ડૉ. અરૂણભાઈ ગાંધી - પ્રોગ્રામ કોર્ડિનેટર, રાસેયો, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, ડૉ. જગદીશચંદ્ર સાવલિયા અને રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની રહી હતી

ભાદરવાનો તાપ દિવસે દિવસે આકરો બની રહ્યો છે. ઉનાળા જેવી ગરમીનો દિવસે અનુભવ થાય છે. જો કે સાંજ પડતા વાતાવરણમાં થોડીક ઠંડક લાગે છે પરંતુ દિવસનો તાપ ખરેખર આકરો લાગે છે. શ્રમજીવીઓ માટે આવો આકરો તાપ સહન કરવો મુશ્કેલ બન્યો છે. બપોરના સમયે શ્રમજીવી પરિવારો થોડોક પોરો ખાઈ ગરમીથી બચવાના પ્રયાસો કરી લે છે.

યુવકનું બે હજાર ભરેલુ પોકેટ મહિલાએ પરત કર્યું

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના ચ માર્ગ પરથી પસાર થતી મહિલાને વિધાનસભા પાસેથી એક પર્સ મળી આવ્યું હતું. જેમાં રૂ.૨ હજાર તેમજ આધારકાર્ડ, લાઈસન્સ સહિતના જરુરી ડોક્યુમેન્ટ હતા. ત્યારે શ્રમજીવી મહિલાએ ઈમાનદારી દાખવી આધારકાર્ડના એડ્રેસ પ્રમાણે અમદાવાદના હાંસોલ ખાતે ઘરે જઈને રોહિત કમલેશભાઈ કુંદાણીને પોકેટ પરત કર્યું હતું. જયારે ઘરેબેઠા પાકીટ પરત મળતા યુવકના ચહેરા પર પણ આનંદ છવાયો હતો. યુવકે પણ જશીબેન ચાવડાનો આભાર માન્યો હતો. ઉલ્લેખયની છે કે સેકટર-૨૪ ખાતે ઈન્દીરાનગર ખાતે રહેતા જશીબેન નરેશભાઈ ચાવડા હતા.જયારે તેઓ ગાંધીનગર સિવિલમાં રાજદીપ એજન્સીમાં કરાર આધારીત ફરજ બજાવે છે.

અંબાપુર ૮૪ કડવા પાટીદાર સમાજ સંકુલની સાઈટ પરથી ૪૫ હજારના ફરમા ચોરાયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરના અંબાપુર ખાતે ૮૪ કડવા પાટીદાર સમાજના સંકુલની બાંધકામ સાઈટ પરથી લોખંડના ૧૦૫ નંગ ફરમાની ચોરી થવા પામી છે. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ થલતેજ ખાતે રહેતો ધ્રુવ પટેલ બાંધકામના વેપાર ક્ષેત્ર સાથે સંકળાયેલ છે.જેની બાંધકામની સાઈટ ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ ચાલે છે. જેમાં અંબાપુર ગામે આવેલા ૮૪ કડવા પાટીદાર સમાજ સંકુલનું બાંધકામ થઈ રહ્યું છે. જેથી બાંધકામ સાઈટ પર લોખંડના ફરમા, સિમેન્ટ, લોખંડના સળીયા, કપચી, સહિતનો સામાન પડ્યો હતો.જેથી દેખરેખ માટે સિક્યુરીટી ગાર્ડ પણ રમેશભાઈ લાલાભાઈ બારીયાને રાખવામાં આવ્યા છે._ આજે સવારના આઠ વાગ્યાના અરસામાં રમેશભાઈ બારીયાએ ફોન કરી ધ્રુવ પટેલને જાણ કરી કે ગઈકાલે રાત્રીના નવ વાગે તેઓ સાઈડ પર આવેલી ઓરડીમાં સુઈ ગયા હતા. જયારે સવારે ઉઠીને જોયુ તો સાઈટ પરથી લોખંડના ફરમા ચોરી થયા હોવાનું લાગી રહ્યું છે.જેથી ધ્રુવ પટેલ સાઈટ પર દોડી આવીને ફરમાની ગણતરી કરાવતા ૧૦૫ લોખંડના ફરમાની ચોરી થઈ હતી. ફરમાની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. અડાલજ પોલીસ મથકે ફર્મા ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીનું ગૌરવ

ગાંધીનગર, તા. ૨૧

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ભગીરથ પ્રયાસો દ્વારા હાલમાં જ **A++** પ્રાપ્ત કરનાર ભારતની એકમાત્ર ઓપન યુનિવર્સિટી બની છે ત્યારે શિક્ષણ ક્ષેત્રે નવા આયોમો સર કરી વૈશ્વિક સ્તરે તેની નોંધ લેવાઈ છે. કેનેડા ખાતે ૧૬-૧૭ સપ્ટેમ્બર ૨૦૨૨ના યોજાયેલ કોમ વેલ્થ ફોરમ ઓન ઓપન લર્નિંગ પીસીએફ ૧૦માં ભારતમાંથી એકમાત્ર પ્રો.(ડો.) અમી ઉપાધ્યાયને ગતિશીલ નેતૃત્વ માટે પુરસ્કૃત કરવામાં આવ્યા છે. નોંધનીય છે કે રાષ્ટ્રનિર્માણના કાર્ય અને વિચારોને કેન્દ્રમાં રાખી સમાજના દરેક વર્ગને શિક્ષણ સમાનતાનો અધિકારી આપી 'સૌ ભણે સૌ લણે' સુત્રને ચરિતાર્થ કરી સતત નેતૃત્વ પુરૂ પાડ્યુ છે. એનપીએફ-૨૦૨૦ને ધ્યાને લઈ સતત નવા આયામો જેવા કે ક્રેડિટ ટ્રાન્સફર, મહિલા સર્વાંગીવિકાસ, વિશેષ લર્નર સપોર્ટ સેન્ટર ટેકનોલોજી મધ્યસ્થી શિક્ષણના વિકાસમાં ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું છે. પ્રો.(ડો.) અમીબેન ઉપાધ્યાયના નેતૃત્વ હેઠળ યુનિવર્સિટીની સિદ્ધિઓ તેમજ કાર્યની સરાહના કરી વિશ્વભરમાંથી આવેલા પ્રતિનિધિઓ સમક્ષ વિસ્તૃતતાથી વર્ણન કરવામાં આવ્યું. આ સાથે ગુજરાત રાજ્યમાં આ પુરસ્કાર સૌ પ્રથમ પ્રાપ્ત કરવાનું બહુમાન પ્રો. (ડો.) અમીબેન ઉપાધ્યાયને પ્રાપ્ત થયુ હતુ.

સાદરાગુજરાત વિધાપીઠ ગાંધી ગ્રામજીવન યાત્રા અંતર્ગત ગ્રામ જીવન મુલાકાત

ગાંધીનગર,તા.૨૧

ગાંધી ગ્રામજીવન યાત્રા અંતર્ગત ગ્રામજીવન મુલાકાત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠની ચાર ટુકડીઓ સાબર ગ્રામવિદ્યાપીઠ, સોનગઢ-સોનાસણમા રોકાણ કરી આસપાસના ગ્રામ્ય વિસ્તારોમા પદયાત્રા કરી ગ્રામજીવનને સમજવા અને સાંસ્કૃતિક આદાનપ્રદાનનો સુંદર ઉપક્રમ આયોજીત થયો છે. વિદ્યાર્થીઓ ગામમા જઈ લોક સંપર્ક દ્વારા ગ્રામજીવનના વિવિધ આયામો સમજવાના પ્રયત્ન કરી રહ્યાં છે. ગામલોકો પણ ભારતીય પરંપરા અનુસાર ઉમળકાભેર આવકારે છે અને અનેરો આતિત્થ્ય ભાવ પ્રદર્શિત કરી રહ્યા છે. આ ટુકડીઓ ૨૩ તારીખ સુધી અત્રે ડૉ. રાજેન્દ્ર જોષી, ડૉ. બળદેવ મોરી, ડૉ. મોતીભાઈ દેવું અને ડૉ. દિવ્યેશ ભટ્ટની રાહબરી હેઠળ રોકાણ કરનાર છે. આજરોજ રામપુરા ગામે આ પદયાત્રીઓને સરપંચ શ્રી ભગવાનભાઈ પટેલ અને ગામના આગેવાનોએ નિલકંઠ મહાદેવ ના સાનિધ્યમા આવકારી તેમના અનુભવ સિધ્ધ જ્ઞાનની વાતો કરી જીવનના સફળ થવાની શીખ આપી હતી.

રાષ્ટ્રીય પોષણમાહ ૨૦૨૨ અંતર્ગત મોટી ભોયણ ગામમાં વાનગી સ્પર્ધા અને રંગોળી સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના મોટી ભોયણ ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, રાંધેજા અને અરવિંદ ફાઉન્ડેશન દ્વારા રાષ્ટ્રીય પોષણ માહ અંતર્ગત વાનગી સ્પર્ધા અને રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્સાહભેર ૩૦ જેટલી મહિલાઓ અને મોટી ભોયણ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સહભાગી થયા હતા. ભારત સરકારશ્રીના કુપોષણ મુક્ત ભારતના સપનાને સાકાર કરવા પોષણ અભિયાન અંતર્ગત પોષણ માહ ૨૦૨૨ની ઉજવણી નિમિત્તે વાનગી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગામની મહિલાઓએ પરંપરાગત વાનગીઓ જેવી કે બાજરીના વડા, બાજરીની સુખડી, ખીર, મુઠીયા, બાજરીના લાડુ, સરગવાની વિવિધ વાનગી, ઢોકળા, હાંડવો જેવી અનેક પોષ્ટિક વાનગીઓ રજૂ કરેલ. રંગોળી સ્પર્ધા અંતર્ગત ગામની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા જુદા જુદા કઠોળ, અનાજ, ફૂલ અને ફૂટનો ઉપયોગ કરી વિવિધ રંગોળીઓ બનાવવામાં આવી હતી. વાનગી સ્પર્ધા અને રંગોળી સ્પર્ધામાં વિજેતા થયેલ બહેનોને ઈનામ આપી પ્રોત્સાહિત કરેલ. આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, રાંધેજાના નિષ્ણાતો ચંદ્રેશભાઈ ગોહિલ, રાધાબેન ચૌધરી અને અરવિંદ ફાઉન્ડેશનના અધિકારીઓ અશોકભાઈ રૂડાતલા અને રાજેશ્રીબહેન હાજર રહ્યા હતા.